# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૯
# (તારીખઃ ૦૧/૧૨/૨૦૨૫, સોમવાર)
# કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૯, તારીખઃ ૦૧/૧૨/૨૦૨૫ને સોમવારના રોજ બપોરે ૩ઃ૩૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)

૨) ડૉ. અલકાબેન મેકવાન

૩) શ્રી નીરજકુમાર સિંઘ

૪) ડૉ. પરેશભાઇ વી. વિરપરીયા

૫) શ્રી કેતનકુમાર પી. પટેલ

૬) કુલસચિવશ્રી

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) શ્રીમતી નિતાબેન બ્રહ્મભટ્ટ (જાણ કરી)

૨) શ્રી વિજયસિંહ યુ. ઝાલા(જાણ કરી)

૩) શ્રી રૂષિકેશભાઇ શાહ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

**(સિન્ડિકેટ વિભાગ)**

૧. **તારીખઃ૧૨/૦૯/૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા નંબર : ૮ ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.**

(નોંધઃ ૧) સભ્યશ્રીઓને તારીખઃ ૧૯/૦૯/૨૦૨૫ના રોજ જે કાર્યનોંધ મોકલવામાં આવી હતી. તેની એક નકલ આ સાથે પુનઃ **(બિડાણઃ ૧ પૃ. ૧ થી ૫)** તરીકે સામેલ છે.

૨) તારીખઃ ૧૨/૦૯/૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાઃ૮ માં પસાર કરેલા ઠરાવો ઉપર થયેલી કાર્યવાહીનો અહેવાલ **(બિડાણઃ ૧-અ)** તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૨/૯/૨૦૨૫ને શુક્રવારના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભાઃ ૮ ની કાર્યનોંધ અને કાર્યવાહીનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૨. તારીખઃ **૨૫/૦૯/૨૦૨૫ને શુક્રવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ૧૩** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૨ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૫/૦૯/૨૦૨૫ને શુક્રવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૧૩ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૩. તારીખઃ **૦૧/૧૧/૨૦૨૫ને શનિવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ૧૪** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૩ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૧/૧૧/૨૦૨૫ને શનિવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૧૪ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૪. યુનિવર્સિટીની શૈક્ષણિક અને વહીવટી જગ્યાઓ ભરવા અંગેનો સમયગાળો લંબાવવા રાજ્ય સરકારશ્રીને રજૂઆત કરવા વિચારણા કરવા બાબત.

નોંધઃ(૧) યુનિવર્સિટીમાં વિવિધ વહીવટી સંવર્ગોની જગ્યાઓ જે સાતમા પગારપંચ પ્રમાણે મંજુર થયેલ તે ખાલી પડેલ છે જે Ed/MIS/e-file/3/2025/2912/KH-2 તાઃ૨૯-૦૫-૨૦૨૫ મુજબના પત્રને ધ્યાને લઇ મંજૂર થયેલ જગ્યાઓ પૈકી રાજીનામુ/સ્વૈચ્છિક નિવૃત્તિ/વય નિવૃત્તિ/અવસાનના કારણે ખાલી રહેલ જગ્યાઓ જો અન્ય કારણોસર રદ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ના ગઇ હોય તો સદર ખાલી જગ્યાઓ તારીખ : ૩૧/૧૨/૨૦૨૫ સુધી ભરવા સૂચન કરવામાં આવેલ છે. તે ધ્યાને લઇ સદર જગ્યાઓ યુનિવર્સિટી એક્ઝીક્યુટીવ કાઉન્સીલની સભાઓમાં મંજુર કરાવી તબક્કાવાર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અને તે અંગેની પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે.

(૨) સદર જગ્યાઓની માહિતી વિગતવાર નીચે મુજબ છે.

| No. | Name of Post | No. of Post | Adv. No. | Notification No. & Date |
|---|---|---|---|---|
| 1 | Chief Accounts officer | 01 | EST-10-2025 | B/S/2/4587 Date: 13/08/2025 |
| 2 | Development officer | 01 | EST-11-2025 | B/S/2/4587 Date: 13/08/2025 |
| 3 | Operator for Electron Microscope (For Physics) | 01 | EST-12-2025 | B/S/2/4587 Date: 13/08/2025 |
| 4 | Technician (For Physics) (PwD) | 01 | EST-13-2025 | B/S/2/4587 Date: 13/08/2025 |

| No. | Name of Post | No. of Post | Adv. No. | Notification No. & Date |
|---|---|---|---|---|
| 5 | Technical Officer-I (For USIC) (PwD) | 01 | EST-14-2025 | B/S/2/4587 Date: 13/08/2025 |
| 6 | Controller of Examination | 01 | EST-15-2025 | B/S/2/4587 Date: 13/08/2025 |
| 7 | Swimming Coach (Female) | 01 | EST-16-2025 | B/S/2/4587 Date: 13/08/2025 |
| 8 | Junior Clerk cum Typist | 18 | EST-17-2025 | B/S/2/5740 Date: 26/09/2025 & Corrigendum B/S/2/6406 Dt.18/10/2025 |
| 9 | University Engineer | 01 | EST-18-2025 | B/S/2/5742 Date: 26/09/2025 |
| 10 | Senior Clerk | 26 | EST-19-2025 | B/S/2/5803 Date: 26/09/2025 & Corrigendum B/S/2/6407 Dt.18/10/2025 |
| 11 | Senior Technical Assistant (Electronics) | 01 | EST-20-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 12 | Statistical Assistant | 01 | EST-21-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 13 | Technical Assistant (Physics) | 01 | EST-22-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 14 | Technical Assistant (Biosciences) | 01 | EST-23-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 15 | Compounder (University Health Centre) | 01 | EST-24-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 16 | Machine Operator (G. H. Patel Computer Centre) | 01 | EST-25-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 17 | Punch Operator (G. H. Patel Computer Centre) | 02 | EST-26-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 18 | Mason (Estate) | 01 | EST-27-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 19 | Guest House Attendant (Estate) | 01 | EST-28-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 20 | Offset Machine Operator (University Press) | 01 | EST-29-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 21 | Copy Holder Cum Clerk (University Press) | 01 | EST-30-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 22 | Junior Compositor (University Press) | 07 | EST-31-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 23 | Helper to Curator (University Museum) | 01 | EST-32-2025 | B/S/2/6381 Date: 18/10/2025 |
| 24 | Director (Physical Education) | 01 | EST-32-2025 | B/S/2/6630 Date: 06/11/2025 |

(૩) ઉપરોકત તમામ સંવર્ગોની જાહેરાત પ્રસિદ્ધ કરી દેવામાં આવેલ છે તેમજ શૈક્ષણિક કર્મચારીઓની જાહેરાત હવે પછી પ્રસિદ્ધ થનાર છે. સદર ભરતી પ્રક્રિયા ખૂબ લાંબી અને જટિલ છે. જેમકે જાહેરાત પ્રસિદ્ધ કર્યાબાદ અસંખ્ય અરજીઓ મળતી હોય છે સદર અરજીઓની સ્કુટીની લાંબી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ અરજદારો પાસેથી તે અંગેની પૂર્તતા મંગાવવામાં આવે છે ત્યારબાદ પરીક્ષા લેવાની કામગીરી અને ઈન્ટરવ્યુ લેવાની પ્રક્રિયામાં ઘણો સમય વ્યતિત થતો હોય છે. ઉપરાંત શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે રોસ્ટર પ્રમાણિત કરવા ઓગષ્ટ ૨૦૨૫ના રોજ મોકલી આપેલ હોય આજ દીન સુધી વારંવાર રજુઆત કરવા છતા પ્રમાણિત થઇને મળેલ નથી. આ બધુજ સમય મર્યાદામાં કરવાનુ હોય ભરતી સંબંધિત કાયવાહી માટે તાઃ૩૧-૧૨-૨૦૨૫થી વધારાના છ મહિના લંબાવી આપવા માટે આ અંગે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલવા માટે આ બાબતે નિર્ણય લેવા અત્રે રજુ કરેલ છે.

**સદર ભરતી પ્રક્રિયા ખૂબ લાંબી અને જટિલ હોઇ જાહેરાત પ્રસિદ્ધ કર્યાબાદ સ્કુટીની પ્રક્રિયા, અરજીઓ સામે પૂર્તતા મંગાવવાની પ્રક્રિયા, લેખિત પરિક્ષાની કામગીરી અને ઈન્ટરવ્યું લેવાની કામગીરી માં ઘણો સમય વ્યતિત થતો હોઇ, ચર્ચા વિચારણા અંતે ઠરાવવામાં આવે છે કે ભરતી સંબંધિત કાર્યવાહી માટે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ તારીખઃ૩૧/૧૨/૨૦૨૫ની સમય મર્યાદાને વધુ છ મહિના લંબાવી આપવા માટે સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

**(પરીક્ષા વિભાગ)**

૫. શ્રી ગાયત્રીબેન જયપ્રકાશભાઇ રામચંદાની દ્વારા ૬૭માં પદવીદાન સમારંભ વખતે B.Ed તથા M.A. ડીગ્રી માટેનું ફોર્મ In Person Category માં ભરવામાં આવેલ હતું. યુનિવર્સિટીના નિયમ અનુસાર વિદ્યાર્થી એક સમય દરમ્યાન એક જ ડીગ્રીમાં અભ્યાસ કરી ડીગ્રી મેળવી શકે છે. પરંતુ સદર વિદ્યાર્થીની દ્વારા ડીસેમ્બર-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૪ ના સમય ગાળા દરમ્યાન (૧) બી. એડના અભ્યાસ માટે શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં તથા (૨) એમ.એ.ના અભ્યાસ માટે એન.એસ.પટેલ આર્ટસ(ઓટોનોમસ) કોલેજમાં એમ બે અલગ અલગ કોલેજોમાં અભ્યાસ કરી બે અલગ અલગ કોર્ષની ડીગ્રી માટે એકજ સમયે એપ્લાય કરેલ હતું, જે બાબતે કુલપતિશ્રી દ્વારા નિમાયેલ કમીટીની તારીખ : ૧૧/૧૧/૨૦૨૫ના રોજની કાર્યનોંધ ઉપર ચર્ચા-વિચારણા કરવા બાબત... (બિડાણઃ ૪)

**આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના રિપોર્ટના આધારે શ્રી ગાયત્રીબેન જયપ્રકાશભાઇ રામચંદાનીની એમ.એ. ગુજરાતીના આપેલ પરીક્ષાના તમામ સેમેસ્ટરના પરિણામો રદ કરવા તેમજ ઓરીજનલ માર્કશીટ પરીક્ષા વિભાગમાં જમા લેવી, અને તેમની બી.એડ.ની ડિગ્રી/માર્કશીટને માન્ય રાખવી. વધુમાં એન.એસ.પટેલ આર્ટસ કોલેજે કરેલ ભૂલ માટે કોલેજને તાકીદ કરતો પત્ર પાઠવવો, અને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તેની તકેદારી રાખવા જણાવવું.**

**(એકેડેમિક વિભાગ)**

૬. નવજાગૃતિ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર વિમેન કોલેજ, ખંભાત ગુજરાત હાઇકોર્ટમાં R/Special Civil Application No.14306 of 2025 Dt.16/10/2025 દાખલ કરેલ છે. સદર Civil Applicationના Oral Orderના (બિડાણ-૧) સંદર્ભમાં ટાસ્કફોર્સ કમિટી તારીખઃ ૧૦/૧૧/૨૦૨૫ના રોજ કોલેજ ખાતે રૂબરૂ સ્થળ તપાસ કરવા ગયેલ. જે ટાસ્કફોર્સ કમિટી/સમિતીનો રિપોર્ટ તારીખઃ ૧૩/૧૧/૨૦૨૫ના રોજ રજૂ કરેલ (બિડાણ-૨), નવજાગૃતિ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર વિમેન કોલેજની સ્થળ તપાસના રિપોર્ટના આધારે પત્રક્રમાંકઃનં.ડી/બી/૬૮૬૨, તારીખઃ ૧૫/૧૧/૨૦૨૫થી નોટીસ મોકલવામાં આવેલ હતી. (બિડાણ-૩) સદર નોટીસનો જવાબ તારીખઃ ૨૨/૧૧/૨૦૨૫ (યુનિવર્સિટીને તારીખઃ૨૫/૧૧/૨૦૨૫ના રોજ મળેલ છે.) અને તારીખઃ ૨૪/૧૧/૨૦૨૫ (પૂરક જવાબ) (યુનિવર્સિટીને તારીખઃ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ મળેલ છે.) ના પત્રથી મોકલેલ છે. (બિડાણ-૪) જે વંચાણે લઇ ચર્ચા વિચારણા કરવા બાબત..

**આથી ઠરાવવામાં આવે છે કે નવજાગૃતિ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર વુમેન, ખંભાતનાઓએ ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદમાં R/Special Civil Application No. 14306 of 2025થી દાખલ કરેલ જેનો તારીખઃ ૧૬/૧૦/૨૦૨૫ના રોજ ઓરલ ઓર્ડર થયેલ છે.**

- **જેના અનુસંધાનમાં સદર કોલેજમાં રૂબરૂ નિરીક્ષણ અર્થે મા. કુલપતિશ્રીએ નિમેલ કમિટીના સભ્યો દ્વારા તારીખઃ ૧૦/૧૧/૨૦૨૫ના રોજ મુલાકાત લઇ રીપોર્ટ તૈયાર કરેલ.**
- **જે રીપોર્ટ સમિતિ દ્વારા યુનિવર્સિટીમાં તારીખઃ ૧૩/૧૧/૨૦૨૫ના રોજ દસ્તાવેજો સાથે રજૂ કરેલ. સદર રીપોર્ટમાં સમિતિ દ્વારા 'The College is not in a suitable condition to conduct academic programmes'નું તારણ આપવામાં આવેલ છે.**
- **કમિટી દ્વારા તપાસ રીપોર્ટ સંદર્ભે યુનિવર્સિટી દ્વારા નવજાગૃત્તિ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર વુમેન, ખંભાતને તારીખઃ ૧૫/૧૧/૨૦૨૫ના રોજ જરૂરી ખુલાસા રજૂ કરવા માટે પત્ર સાથે કમિટીનો રીપોર્ટ પણ મોકલવામાં આવેલ હતો.**
- **જે પત્ર સંદર્ભે કોલેજ દ્વારા તારીખઃ ૨૨/૧૧/૨૦૨૫ તથા તારીખઃ ૨૪/૧૧/૨૦૨૫ના રોજ જવાબ રજૂ કરેલ છે.**
- **તપાસ કમિટીએ કરેલ અવલોકનો અને તે સંદર્ભે કોલેજ દ્વારા આપવામાં આવેલ જવાબ, વિગતોને ધ્યાને લેતાં નીચેના મુદ્દા જણાય છે.**

| **ક્રમ** | **કમિટીના અવલોકન** | **કોલેજનો જવાબ** |
|---|---|---|
| 1 | **The College don't have Building Usage (BU) Certificate.** | **Building Usage (BU) સર્ટિફિકેટ માટે અરજી કરી છે.** |
| 2 | **The college don't have valid fire safety No Objection Certificate** | **કોલેજે માત્ર ફાયર સેફ્ટી માટે અરજી કરી છે.** |
| 3 | **The college currently does not have a principal.** | **કોલેજ દ્વારા પ્રિન્સીપાલની નિયુક્તિની પ્રક્રિયાના ભાગ રૂપે ઉચ્ચ શિક્ષણ કચેરીને પત્ર લખેલ છે.** |
| 4 | **Currently the college does not have any regular teachers** | **કોલેજે તે બાબતે કોઇપણ રજૂઆત કરેલ નથી.** |
| 5 | **The classrooms are smaller than the minimum required classroom size to accommodate a division (60 students) (252 sq. feet approx.)** | **કોલેજે જણાવેલ છે કે દરેક વર્ગખંડનું માપ ૧૭.૫ x ૨૬.૧ સ્કવેર ફૂટ છે પૂરક જવાબમાં ૫૦૪ ચોરસ ફૂટ (૨૧ x ૨૪)** |

| | | |
|---|---|---|
| 6 | The space for library is very small in size. The college does not have a librarian | કોલેજના ગ્રંથાલયમાં એક લાયબ્રેરી કલાર્ક ફરજ બજાવે છે, |
| 7 | There is no girl's room available | કોલેજના કોમ્પ્યુટર રૂમને જ તેઓએ મહિલા વિદ્યાર્થીનીઓ માટે લેડીઝ રૂમ બે વોશરૂમ સાથે ફાળવેલ છે. તેવું જણાવેલ છે. |
| 8 | There is no facility for differently able persons. | કોલેજે પૂરક જવાબમાં જણાવેલ કે મેનેજમેન્ટ ઓફીસની બાજુનો કક્ષ દિવ્યાંગજનો માટે દર્શાવેલ છે. |
| 9 | There is no auditorium facility. | કોલેજ બિલ્ડીંગના બેઝમેન્ટમાં કોમ્યુનીટી / ઓડીટોરીયમ હોલ આવેલ છે જેનું માપ ૨૩.૮ x ૪૧.૭ સ્કવેર ફૂટ છે તેમ જણાવેલ છે. |
| 10 | The college is located in residential area. | કોલેજે પોતાના જવાબમાં જણાવેલ કે રહેણાંક વિસ્તારમાં આવેલ છે |
| 11 | In the same building a school is also operating with the school functioning in the morning and the college in the afternoon. (After 12.30 p.m.) | કોલેજે તે બાબતે કોઇ જવાબ આપેલ નથી. |
| 12 | There was no women staff, despite it is a girl's college. | કોલેજે પોતાના જવાબમાં જણાવેલ કે એક મહિલા કર્મચારી કલાર્ક તરીકે ફરજ બજાવે છે જે માંદગીને કારણે હાજર રહેલ નથી. |
| 13 | The college have computer lab with 8 computers. | કોલેજે પોતાના જવાબમાં જણાવેલ કે વર્તમાન શૈક્ષણિક સત્રના નિર્ધારીત અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર વિષયનો સમાવેશ થતો નથી. |
| 14 | Although the college claims that its teaching staff renders honorary services without remuneration, the financial statements indicate otherwise. The Income and Expenditure Account / Receipt and Payment Account reflect substantial payments categorized under "Salary Expenses." Specifically, the reported expenditures amount to Rs. 28,30,876/- for the year ending 31st March 2022, Rs. 32,23,956/- for the year ending 31st March, 2023 and Rs. 35,59,874/- for the year ending 31st March, 2024. | કોલેજે આ બાબતે પોતાના કોઈપણ ખુલાસો કરેલ નથી. |

ઉપરોકત કમિટીના અવલોકનો તથા તારણ અને નવજાગૃત્તિ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર વુમેન, ખંભાતના જવાબ જોતાં સદર સભા સમિતિના અવલોકનો અને તારણ સાથે સંમત થાય છે. વધુમાં કોલેજના જવાબો સાથે બિડાણથી જોડેલ દસ્તાવેજો વંચાણે લેતાં નીચે મુજબની ક્ષતિઓ નિર્વિવાદીત રીતે જણાઇ આવે છે.

૧ કોલેજ દ્વારા Building Usage (BU) સર્ટિફિકેટ રજૂ કરવામાં આવેલ નથી.

૨ કોલેજ દ્વારા વેલીડ ફાયર સેફટીનું NOC રજૂ કરવામાં આવેલ નથી.

૩ નિયમિત પ્રિન્સીપાલ કોલેજમાં કાર્યરત નથી.

૪ કોલેજમાં કોઇપણ રેગ્યુલર શૈક્ષણિક સ્ટાફની ભરતી કરેલ હોય તેમ જણાઇ આવતું નથી.

૫ લાયબ્રેરી કલાર્ક તરિકે ફરજ બજાવતા હોય તે બાબતે કોઇપણ આધાર પુરાવા રજૂ કરેલ નથી, તેમજ નિમણૂંક પત્ર પણ રજૂ કરેલ નથી અને લાઇબ્રેરીના ક્ષેત્રફળ અંગે પણ કોઇ ખુલાસો કરેલ નથી.

૬ કોલેજ દ્વારા દિવ્યાંગજનો માટે કોઇપણ કક્ષ ફાળવેલ હોય તેના આધાર પુરાવા રજૂ કરેલ નથી.

૭ કોલેજ દ્વારા આપવામાં આવેલ ખુલાસામાં તેઓએ બેઝમેન્ટમાં ઓડીટોરીયમ દર્શાવિલ છે. જ્યારે કોલેજ દ્વારા આપવામાં આવેલ નકશામાં પાર્કિંગ દર્શાવિલ છે, સદર બાબતે નકશાથી વિરોધાભાષ જોવા મળેલ છે.

૮ સદર બાબતે મહિલા કર્મચારી કલાર્ક તરીકે ફરજ બજાવે છે આ અંગેનો કોઇપણ આધાર પુરાવા રજૂ કરેલ નથી, તેમજ નિમણૂંક પત્ર પણ રજૂ કરેલ નથી.

૯ નિરીક્ષણ દરમ્યાન કમિટિ દ્વારા વર્ગખંડનું ક્ષેત્રફળ, કોલેજે તેના ૨૨/૧૧/૨૦૨૫ ના જવાબમાં જણાવેલ ક્ષેત્રફળ તેમજ તેઓના પુરક જવાબમાં જણાવેલ ક્ષેત્રફળમાં ઘણી વિસંગતતા જોવા મળેલ છે.

૧૦ સમિતિએ શૈક્ષણિક સ્ટાફ જોડે ઈન્ટરેકશન દરમ્યાન કોલેજ દ્વારા જણાવેલ કે તેઓ ઓનરરી સર્વિસીસ કરે છે. પરંતુ કોલેજ દ્વારા રજૂ કરવામાં આવેલ નાણાકીય વર્ષ : ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં સેલેરી એક્ષ્પેન્સ ખૂબ જ ઉચા બતાવેલ છે, જેથી નાણાંકીય નોંધણીઓમાં પણ ઘણી વિસંગતતા જોવા મળેલ છે.

ઉપરોકત ક્ષતિઓની લંબાણપૂર્વક ચર્ચા વિચારણા તેમજ કોલેજને તારીખઃ ૧૫/૧૧/૨૦૨૫ ના રોજ નોટીસ સાથે તપાસ સમિતિનો રીપોર્ટ આપી ક્ષતિઓને દૂર કરવાનો સમય નામદાર કોર્ટના હુકમ પ્રમાણે આપવામાં આવેલ, તેમ છતાં કોલેજ દ્વારા ક્ષતિઓ દૂર કરી શકાયેલ નથી. વધુમાં યુનિવર્સિટીના પરીપત્ર નંબરઃ ડી/ઇ/૧૦/૭૦૫૧, તારીખઃ ૨૫/૦૨/૨૦૨૫ મુજબ કાર્યવાહી કરવાની થાય. જેથી સભાના અંતે સર્વાનુમતે સભા દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

> "આથી ઠરાવવામાં આવે છે કે સમિતિનો તપાસ રીપોર્ટ, સમિતિનું તારણ, કોલેજના જવાબ તેમજ પૂરક જવાબ, કોલેજમાં રહેલી ક્ષતિઓ તેમજ યુનિવર્સિટીના પરીપત્ર નંબરઃ ડી/ઇ/૧૦/૭૦૫૧, તારીખઃ૨૫/૦૨/૨૦૨૫ ને ધ્યાને લેતાં નવજાગૃત્તિ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ફોર વુમેન, ખંભાતને "નો એડમિશન ઝોન" તરીકે જાહેર કરવું યોગ્ય જણાય છે. જેથી સદર કોલેજને અન્ય આદેશ ન થાય ત્યાં સુધી "નો એડમિશન ઝોન" માં મૂકવામાં આવે છે."

**(પરીક્ષા વિભાગ)**

૭. આગામી ડીસેમ્બર-૨૦૨૫માં યોજનાર ૬૮માં પદવીદાન સમારંભમાં સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓમાં નિયમાનુસાર ઉત્તિર્ણ થયેલા તથા તે પદવીઓ મેળવવા પાત્ર ઠરતા કુલ ૧૬૯૬૪ અરજદાર વિદ્યાર્થીઓને સંબંધિત વિદ્યાશાખાની સ્નાતક, અનુસ્નાતક તેમજ પી.એચ.ડી.ની પદવીઓ એનાયત કરવાની દરખાસ્ત મંજૂર કરવા બાબત..

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓમાં નિયમાનુસાર ઉત્તિર્ણ થયેલા તથા તે પદવીઓ મેળવવા પાત્ર ઠરતા કુલ ૧૬૯૬૪ અરજદાર વિદ્યાર્થીઓને સંબંધિત વિદ્યાશાખાની સ્નાતક, અનુસ્નાતક તેમજ પી.એચ.ડી.ની પદવીઓ એનાયત કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૮. As per Provision of Statute – 23 (A)(h) Member of the Academic Council "One representative of management nominated by the Board of Management:" ની જોગવાઇ અન્વયે સભ્યના નામની ચર્ચા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે "One representative of management nominated by the Board of Management:" ની જોગવાઇ અન્વયે શ્રી ગોપાલ શાહ, મંત્રીશ્રી કપડવંજ કેળવણી મંડળ ટ્રસ્ટના સભ્યની નિમણૂંક કરવામાં આવી.**

કુલસચિવ

નંબરઃ કે.૧/બોર્ડ ઓફ મેનેજમેન્ટ/૭૧૧૬
વલ્લભ વિદ્યાનગર
તારીખ:૦૨/૧૨/૨૦૨૫

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.